eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 330
Jun 21, 2013

## પૂર્વ (વરાછા) ઝોનના કરંજ વિસ્તારમાં મોબાઈલ ટાવરને સીલ મારવાની તથા દબાણો દુર કરવાની કામગીરી

ટી.પી. સ્કીમ નં.૩(કરંજ) રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૧૦૮ પૈકીમાં આવેલ રિલાયન્સ ટેલીકોમ લિ. ના ટાવરને સીલ કરી દેવામાં આવેલ છે. રિલાયન્સ કંપનીના ઓ.એફ.સી. કેબલના રસ્તા ખોદાણ અંગેના જમીન ભાડા પેટે બાકી રૂા.૨૬,૦૦,૦૦૦/– વસુલ કરવાના હોઈ અને વારંવાર પત્ર વ્યવહાર કરવા છતાં ઉપરોકત રકમ જમા કરાવતાં ન હોઈ રિલાયન્સ કંપનીના ટાવરને આજરોજ સીલ મારવામાં આવેલ છે. જો તેઓને અત્રેથી આપવામાં આવેલ નોટીસનો અમલ કરવામાં નહીં આવે...

વધુ માટે કલીક કરો >>>>>>

## હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન પશ્ચિમ ઝોન હદ વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ભરાયેલ પાણીના ભરાવાના નિકાલ બાબત તથા શાળાઓમાં ચકાસણી તથા ભેસાણ રોડ ઉપર આવેલ રોનક ટાયર સર્વિસના રિમોલ્ડીંગ ટાયરો જપ્ત કરવા બાબત

હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે તે માટે મે.કમિશનરશ્રીના આદેશાનુસાર પશ્ચિમ ઝોન હદ સમાવિષ્ટ વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગીય ખાતાકીય રૂટિન કામગીરી કરવા ઉપરાંત પાલ, પાલનપુર, રાંદેર, રામનગર, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, અડાજણ, વિસ્તારમાં આવેલ નાના મોટા ખુલ્લા પ્લોટોમાં વરસાદી પાણીના ભરાવાઓ થવા પામેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે.(અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગમાં પ્રિમોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં મે.કમિશનરશ્રીના આદેશાનુસાર તેમજ મે.ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામના વિસ્તાર પીપલોદ, વેસુ–મગદલ્લા તેમજ અલથાણ–ભટાર, ભરથાણામાં ચોમાસાની ઋતુ દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તે રીતે ખુલ્લા પ્લોટ સમતલ (લેવલીંગ) કરી પાણીનો નિકાલ કરવા રહીશોને જણાવવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ) માં આરોગ્યલક્ષી તેમજ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવાની કામગીરી

કતારગામ ઝોનમાં ભરીમાતા–ફુલવાડી રોડ વિસ્તારમાં આવેલ નાસીરનગર, શાબરીનગર, ફુલવાડી, ભરીમાતા રોડ તથા રીવરવ્યુ સોસાયટી સહિતના આજુબાજુ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ભંગારના વેપારીઓ આવેલ છે. જેઓનો ભંગારનો ટી.પી. રસ્તા પર દબાણ કરેલ તદઉપરાંત ભંગારના સામાનમાં વરસાદી સીઝનમાં પાણીના ભરાવાને કારણે મોટા પ્રમાણમાં મચ્છરોનું બ્રીડીંગ થવા પામે છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા) ની અખબારી યાદી

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા)માં આવેલ બાપાસીતારામ સોસાયટીમાં બીજા માલિકને ફાળવેલ ફા.પ્લોટ નં.૧૧, બ્લોક નં.૩૧૩ પૈકીમાં કરવામાં આવેલ આશરે ૭૫૦.૦૦ ચો.ફુટ માં આર.સી.સી., ચણતર, સ્લેબ, બીમ તથા કોલમનું ગેરકાયદેસર બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર બાંધકામોના માલિકો પાસે કુલ રૂા.૩૬,૫૦૦/– જેટલો વહીવટ ખર્ચ વસૂલ કરવામાં આવ્યો

તા.૧૫/૦૬/૨૦૧૩ ના રોજ સાઉથ ઝોન (ઉધના), વી.બી.ડી.સી. વિભાગ દ્વારા અત્રેના ઝોન વિસ્તારમાં આવતા તમામ બાંધકામો ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર નીચે મુજબના કુલ ૬ટ બાંધકામોના માલિકો પાસે કુલ ૩૬,૫૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## હાલની ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગો (જેવા કે મેલેરિયા, ડેંગ્યુ, ચિકનગુનિયા) ના રોકથામ માટે પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ ખુલ્લા પ્લોટમાં નીક પાડી પાણીનો નિકાલ કરવા ઉપરાંત ડી–વોટરીંગ કરવાની કામગીરી



હાલમાં સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થવા પામેલ છે. જેમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિર્માણ પામે નહિ તે માટે મે.કમિશનરશ્રી ના આદેશાનુસાર અત્રેના પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "બાળતરણ સ્પર્ધા"

"પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "બાળતરણ સ્પર્ધા" નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો ભાગ લઈ શકશે....

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનના પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરી

ડ્રા.ટી.પી. સ્કમ નં.૧૧(પુણા)ના ફા. પ્લોટ નં.૧૧, બ્લોક નં.૫૮૨ માં આવેલ છીતુગર સોસાયટીમાંથી પસાર થતાં ૯.૦૦ મી. ની. પહોળાઈના ટી.પી. રસ્તાની અસરમાં આવેલ આશરે ૪૮૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર પર બીમ, કોલમ તથા ચણતર સહિતનું બિનઅધિકૃત બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૧૮/૦૬/'૧૩ ના રોજ સરદાર સ્મુતિ ભવન, વરાછા ખાતે શ્રી આર.જે. પટેલ યઈબઈકઈ ડે. કમિશનર (હે અને હો) ના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન કરવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા "વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં મે. કમિશનરશ્રીના આદેશાનુસાર તેમજ મે.ડે. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક મોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામમાં ચોમાસાની ઋતુ દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તે રીતે ખુલ્લા પ્લોટ સમતલ (લેવલીંગ) કરી પાણીનો નિકાલ કરવા રહીશોને જણાવવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનમાં મે.કમિશનરશ્રીના આદેશાનુસાર તેમજ મે.ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક મોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામમાં અત્રેથી મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી તમામ ખુલ્લા પ્લોટ ધારકોને અગાઉથી નોટીસ આપવામાં આવેલ તેવા વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન સમર્થ રેસીની સામે નો પ્લોટ,...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોનના કરંજ વિસ્તારમાં મોબાઈલ ટાવરને સીલ મારવાની તથા દબાણો દુર કરવાની કામગીરીઃ–

(૧) ટી.પી. સ્કીમ નં.૩(કરંજ) રીઝર્વેશન હેઠળના ફા. પ્લોટ નં.૧૦૮ પૈકીમાં આવેલ રિલાયન્સ ટેલીકોમ લિ. ના ટાવરને સીલ કરી દેવામાં આવેલ છે. રિલાયન્સ કંપનીના ઓ.એફ.સી. કેબલના રસ્તા ખોદાણ અંગેના જમીન ભાડા પેટે બાકી રૂા.૨૬,૦૦,૦૦૦/– વસુલ કરવાના હોઈ અને વારંવાર પત્ર વ્યવહાર કરવા છતાં ઉપરોકત રકમ જમા કરાવતાં ન હોઈ રિલાયન્સ કંપનીના ટાવરને આજરોજ સીલ મારવામાં આવેલ છે. જો તેઓને અત્રેથી આપવામાં આવેલ નોટીસનો અમલ કરવામાં નહીં આવે તો અત્રેથી વઘુ કડક પગલાં ભરવામાં આવશે.

(૨) કરંજ હેલ્થ સેન્ટરની પાસેના શોપીંગ સેન્ટરના આગળના માર્જીન તેમજ ફુટપાથ પર બિનઅધિકૃત કબજો જમાવી બેઠેલા લારી–ગલ્લા વાળાઓને દુર કરવાની કામગીરી તેમજ ફુટપાથ અને સીવીક સેન્ટરની બારીઓ તેમજ ટેરેસ પરના બિનઅધિકૃત સાઈન બોર્ડ ને દુર કરવાની કામગીરી કરીને આશરે ૨૦૦.૦૦ ચો.ફુટ વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

TOP

## હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન પશ્ચિમ ઝોન હદ વિસ્તારમાં ખુલ્લા પ્લોટમાં ભરાયેલ પાણીના ભરાવાના નિકાલ બાબત તથા શાળાઓમાં ચકાસણી તથા ભેસાણ રોડ ઉપર આવેલ રોનક ટાયર સર્વિસના રિમોલ્ડીંગ ટાયરો જપ્ત કરવા બાબતઃ–

હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં રહે તે માટે મે.કમિશનરશ્રીના આદેશાનુસાર પશ્ચિમ ઝોન હદ સમાવિષ્ટ વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગીય ખાતાકીય રૂટિન કામગીરી કરવા ઉપરાંત પાલ, પાલનપુર, રાંદેર, રામનગર, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, અડાજણ, વિસ્તારમાં આવેલ નાના મોટા ખુલ્લા પ્લોટોમાં વરસાદી પાણીના ભરાવાઓ થવા પામેલ છે. સદર વિસ્તારોમાં અત્રેના ઝોનના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ **૧૧૨** પ્લોટોમાં ચેનલીંગની કામગીરી કરાવી પ્લોટો માંથી વરસાદી પાણીના નિકાલ કરવાની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવેલ છે. તેમજ જયાં પ્લોટોમાં નિકાલની વ્યવસ્થા ન હોય તેવા કુલ **૧૪** પ્લોટોમાં પોરાભક્ષક માછલી છોડવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે અને સમગ્ર ચોમાસા દરમ્યાન અવિરત ચાલુ રાખવામાં આવશે.

વધુમાં પશ્ચિમ ઝોન હદ વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓ તથા ખાનગી શાળાઓમાં ચકાસણી દરમ્યાન ઉગત કેનાલ રોડ ખાતે આવેલ પી.પી. સવાણી વિદ્યાલય ખાતે મચ્છરનું બ્રિડીંગ (પાણીપોરો) માલુમ પડતા તેનો સ્થળ ઉપર નાશ કરવાની કામગીરી હાથધરી વહીવટી પરચુરણ ખર્ચ પેટે રૂા. ૩૦૦૦ વસુલવામાં આવેલ. ઉપરાંત ભેસાણ રોડ ખાતે આવેલ રોનક ટાયર સર્વિસ ના માલિક ધ્વારા ખુલ્લામાં રાખવામાં આવેલ રિમોલ્ડીંગ ટાયરો સહિતનો વ્યવસ્થિત નિકાલ ન કરતાં કુલ ૩૨ ટાયરો જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

આથી સુરત શહેરની જાહેર જનતા સહિત અગ્રણી સંસ્થાઓને અપીલ કરવામાં આવે છે કે હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આરોગ્યલક્ષી જનજાગૃતિ અભિયાનની કામગીરીમાં સાથ–સહકાર આપી સહભાગી થવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સા.વે.(અઠવા) ઝોનના વી.બી.ડી.સી. વિભાગમાં પ્રિમોન્સુનના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદીઃ–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં મે.કમિશનરશ્રીના આદેશનુસાર તેમજ મે.ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામના વિસ્તાર પીપલોદ, વેસુ–મગદલ્લા તેમજ અલથાણ–ભટાર, ભરથાણામાં ચોમાસાની ઋતુ દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તે રીતે ખુલ્લા પ્લોટ સમતલ (લેવલીંગ) કરી પાણીનો નિકાલ કરવા રહીશોને જણાવવામાં આવેલ. આવા કુલ –૨૧૦ રહીશોને અગાઉથી નોટીસ આપી જાણ કરવામાં આવેલ હોવા છતાં તેમના ધ્વારા ખુલ્લા પ્લોટમાં પુરાણ કરવામાં આવેલ ન હતા તેવા સ્વામી ગુણાતીતનગર, પીપલોદ, વેસુ જેવા વિસ્તારના બાંધકામમાં પણ પાણીનો ભરાવો થયેલ તેવા બાંધકામોના બિલ્ડર્સને ત્યાં ચેકીંગ કરતા મચ્છરની ઉત્પત્તિ જોવા મળેલ તેવા બિલ્ડરો પાસે અને ખુલ્લા પ્લોટના રહીશો પાસેથી રૂા.૧,૪૬,૫૦૦/– (એક લાખ છેતાલીશ હજાર પાંચસો પૂરા) વહીવટી ખર્ચ વસૂલાત લેવામાં આવેલ તેમજ આગામી આવા તમામ વિસ્તારના ખુલ્લા પ્લોટ અને બાંધકામમાં ચેકીંગ હાથ ધરી જવાબદાર ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવનાર છે. તેમજ સોસાયટી અને એપાર્ટમેન્ટના ધાબા ઉપર ભંગાર, ટેરેસ સમતલ ન હોય, ફુલ છોડના કુંડા, ફ્રીઝની ટ્રે માં પાણીનો ભરાવો થઈ તેમાં મચ્છરની ઉત્પત્તિ થયેલ હશે તો તેવા ઈસમો સામે પણ ગંભીર શિક્ષાત્મક કાર્યવાહી કરવાની મે. કમિશનરશ્રીના આદેશાનુસાર જણાવેલ હોય. જેથી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ ન થાય તે માટે લોકો ધ્વારા સહભાગી થઈ સહકાર આપી કાળજી રાખવા અને સમય–મર્યાદામાં ઈસમો ધ્વારા પાણી ભરાવો/નિકાલની કાર્યવાહી કરવામાં ન આવશે તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આથી જાહેર જનતાને જાણ કરવામાં અવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગરપાલિકા, વી.બી.ડી.સી. વિભાગના આસી. જંતુનાશક અધિકારી તેમજ કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથે ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ) માં આરોગ્યલક્ષી તેમજ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવાની કામગીરીઃ–

કતારગામ ઝોનમાં ભરીમાતા–ફુલવાડી રોડ વિસ્તારમાં આવેલ નાસીરનગર, શાબરીનગર, ફુલવાડી, ભરીમાતા રોડ તથા રીવરવ્યુ સોસાયટી સહિતના આજુબાજુ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ભંગારના વેપારીઓ આવેલ છે. જેઓનો ભંગારનો ટી.પી. રસ્તા પર દબાણ કરેલ તદઉપરાંત ભંગારના સામાનમાં વરસાદી સીઝનમાં પાણીના ભરાવાને કારણે મોટા પ્રમાણમાં મચ્છરોનું બ્રીડીંગ થવા પામે છે. જેના કારણે મલેરીયા, ડેન્ગ્યુ, ચીકન ગુનીયા જેવા વાહક જન્ય રોગોનું પ્રમાણ વધવા પામે છે. આ વર્ષે આવી પરિસ્થિતિ નિવારવા એડી.સીટી. ઈજનેરશ્રી ના માર્ગદર્શન હેઠળ તા.૧૪/૦૬/૨૦૧૩ ના રોજ શહેર વિકાસ વિભાગ, દબાણ સ્ટાફ તથા વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ, એન્ક્રોચમેન્ટ સ્ટાફ ધ્વારા આરોગ્યલક્ષી તેમજ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી રાજેશ જરીવાલા, ડે. ઈજનેરશ્રી જે.આર.સોલંકી, ડી.ડી. ક્રિશ્ચિયન, વાય.સી. પટેલ તથા શહેર વિકાસ વિભાગના આસી./જુની.ઈજનેરશ્રી સહિતના સ્ટાફની મદદથી ફુલવાડી ભરીમાતા રોડ પર યુટીલીટી સેન્ટર વાળા રીઝર્વેશન પ્લોટ નં.૧૦૬, તથા તેને લાગુ રોડ સહિતની જગ્યામાં ભંગારના મોટા વેપારીઓ તથા ઢોરના તબેલાઓનું કરેલ દબાણ અત્રેથી દુર કરવામાં આવેલ છે. તેમજ આ કામગીરી દરમ્યાન આશરે ૩૦૬૦ ચો.મી. જગ્યા ને દબાણ મુકત કરાવી ખુલ્લી કરવામાં આવેલ છે. વધુમાં સદર સ્ટાફ તથા આસી. જંતુનાશક અધિકારીશ્રી, ગાયત્રી જરીવાલા, એન્ક્રલચમેન્ટ સ્ટાફ, દબાણ વિભાગ સ્ટાફ તથા વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ૨૬ જેટલા મોટા ભંગારના વેપારીઓને ચેક કરવામાં આવેલ હતા. તમામ ભંગારના વેપારીઓએ રસ્તા પર દબાણ કરેલ હોય અને તેઓએ જે ભંગાર ભેગો કરેલ તેમાં વરસાદી પાણી ભરાતુ હોય (૦૪) ચાર ટ્રક જેટલો ભંગારવાળાનો સામાન જપ્ત કરવામાં આવેલ છે. જેમાંથી ૨૪ ભંગારવાળાને મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય તેમજ દબાણ નહિ કરવા માટે તકેદારી રાખવા આરોગ્યલક્ષી નોટીસ આપવામાં આવી અને કુલ રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો તથા તમામ ભંગારવાળા માલિકોને તેમના ભંગારની દુકાનોમાં મચ્છર ઉત્પતિ સ્થાન અંગે સજાગ કરી તેમને તે બાબતે કાળજી લેવ સમજ આપવામાં આવેલ છે.

TOP

## પૂર્વ ઝોન (વરાછા) ની અખબારી યાદીઃ–

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૮(પુણા–સીમાડા)માં આવેલ બાપાસીતારામ સોસાયટીમાં બીજા માલિકને ફાળવેલ ફા.પ્લોટ નં.૧૧, બ્લોક નં.૩૧૩ પૈકીમાં કરવામાં આવેલ આશરે ૭૫૦.૦૦ ચો.ફુટ માં આર.સી.સી., ચણતર, સ્લેબ, બીમ તથા કોલમનું ગેરકાયદેસર બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૮ (પુણા–સીમાડા) ના ફા. પ્લોટ નં.૧૧૪, બ્લોક નં.૩૧૩ પૈકીમાં બાપાસીતારામ નામે ઓળખાતી સોસાયટીમાં રસ્તાની અસરમાં આવતું આશરે ૬૦૦.૦૦ ચો.ફુટનું આર.સી.સી., ચણતર, બીમ તથા કોલમનું ગેરકાયદેસર બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૦(પુણા) ના ફા.પ્લોટ નં.૬૪ પૈકી રોયલ પાર્ક સોસા. ના કહેવાતા સબ પ્લોટ નં.૧૨ તથા ૧૩ માં ૧૮.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તાની અસરમાં કરવામાં આવેલ આશરે ૩૦૦.૦૦ ચો.ફુટનું આર.સી.સી., ચણતર, બીમ તથા કોલમનું બિનઅધિકૃત બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

સદર કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી આર.વી.ગામીત ના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. જેમાં પૂર્વ (વરાછા)ઝોનના ડેપ્યુટી ઈજનેરશ્રીઓ, જુની. ઈજનેરો તેમજ શહેરી વિકાસ ખાતાના તથા દબાણ ખાતાના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાયરમેન તથા વાહનોમાં ૧–જે.સી.બી. મશીન તથા ૪૦ બેલદારો અને સુરત મહાનગરપાલિકાના સિકયુરીટી સ્ટાફ સાથે રાખી ડિમોલીશનની કામગીરી શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર બાંધકામોના માલિકો પાસે કુલ રૂા. ૩૬,૫૦૦/– જેટલો વહીવટ ખર્ચ વસૂલ કરવામાં આવ્યોઃ–

**તા.૧૫/૦૬/૨૦૧૩ ના રોજ સાઉથ ઝોન (ઉધના), વી.બી.ડી.સી. વિભાગ દ્વારા અત્રેના ઝોન વિસ્તારમાં આવતા તમામ બાંધકામો ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર નીચે મુજબના કુલ 08 બાંધકામોના માલિકો પાસે કુલ ૩૬,૫૦૦/– જેટલો વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.**

૧) **સ્વપ્ન સૃષ્ટિ કોર્પોરેશન, ભેસ્તાન 10,000/-**
૨) **સિધ્ધિ વિનાયક, બાલાજી નગર પાસે, બમરોલી 7,000/-**
૩) **રિલાયન્સ બાંધકામ, ઉધના દરવાજા 5,000/-**
૪) **વિશ્વકર્મા ફલેટસ, ડુંડી ગામ 4,000/-**
૫) **પ્લોટ નં.F-47-48 સીટી ઈન્ડ., ઉધના 3,000/-**
૬) **પ્લોટ નં.F-57-58 સીટી ઈન્ડ. ઉધના 3,000/-**
૭) **અવધૂત દર્શન કોર્પોરેશન, જલારામ ઈન્ડ. ની બાજુમાં, પાંડેસરા 2,500/-**
૮) **હલીમાં રેસીડન્સી, રાહત સોસા.ની બાજુમાં, ઉન–ગભેણી રોડ 2,000/-**

TOP

## હાલની ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગો (જેવા કે મેલેરિયા, ડેગ્યુ, ચિકનગુનિયા) ના રોકથામ માટે પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારોમાં આવેલ ખુલ્લા પ્લોટમાં નીક પાડી પાણીનો નિકાલ કરવા ઉપરાંત ડી–વોટરીંગ કરવાની કામગીરીઃ–



હાલમાં સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થવા પામેલ છે. જેમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિર્માણ પામે નહિ તે માટે મે.કમિશનરશ્રી ના આદેશાનુસાર અત્રેના પશ્ચિમ ઝોન (રાંદેર) હદ સમાવિષ્ટ વિસ્તારમાં આવેલ ખુલ્લા પ્લોટમાં પાણીના ભરાવાઓનાં સ્થળોએ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા જંતુનાશક દવા છંટકાવ કરવા ઉપરાંત કુલ ૧૪૯ સ્થળોએ નીક પાડીને પાણીનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરેલ છે. તેમજ કુલ ૪૫ પ્લોટમાં ડી–વોટરીંગ પંપ ધ્વારા પાણીના નિકાલની વ્યવસ્થા ત્વરિત હાથ ધરવામાં આવનાર છે. તથા વરસાદી પાણી ભરાવો થયેલ કુલ ૩૮ પ્લોટમાં પોરાભક્ષક માછલી છોડવામાં આવેલ છે.

વધુમાં ચોમાસાની ઋતુ અગાઉ કુલ ૯૯ ખાનગી પ્લોટ ધારકોને વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા આરોગ્ય રક્ષણ સંબંધિત નોટિસ પણ પાઠવવામાં આવેલ છે. જે પૈકી પાલ, પાલનપુર, રાંદેર રામનગર, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, અડાજણ, વિસ્તારમાં ના કુલ ૧૬ પ્લોટ ધારકો માટી પુરાણ કરી પ્લોટ સમતલ કરવાની કામગીરી પૂર્ણ કરી આરોગ્યલક્ષી સેવામાં યોગદાન આપેલ છે. પરંતુ જે પ્લોટ ધારકો ધ્વારા સમય મર્યાદામાં આ કામગીરી કરવામાં આવી નથી. તેવી પ્લોટ ધારકો પાસે સુરત મહાનગરપાલિકા ધ્વારા જંતુનાશક દવા છંટકાવ ઉપરાંત જે કાઈ પણ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેવા પ્લોટ ધારકો પાસે રૂ.૪૪,૦૦૦/– (અંકે ચુમ્માલીસ હજાર રૂપિયા પુરા) વહીવટી પરચુરણ ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

આથી આદેશાનુસાર પશ્ચિમ ઝોન વિસ્તારના હદ વિસ્તારના તમામ ખાનગી ખુલ્લા પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે પશ્ચિમ ઝોન કચેરી ખાતે વી.બી.ડી.સી. વિભાગના સંપર્કમં રહી તમારા પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરી જાહેર આરોગ્યલક્ષી કામગીરીમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવે છે. અન્યથા કિસ્સામાં સુરત મહાનગર પાલિકા તરફથી ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ કાયદેસરની કાનુની કાર્યવાહી હાથ ધરવા તેમજ થયેલ / થનાર તમામ ખર્ચની રકમ જે તે પ્લોટ ધારકોના વેરા બીલમાં મજરે લેવાની કામગીરી હાથ ધરવાની ના છુટકે ફરજે પડશે. જે અચુક નોંધ લેવા વિનંતી છે.

TOP

## "પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "બાળતરણ સ્પર્ધા":–

"પૂ.શ્રી મોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"બાળતરણ સ્પર્ધા"** નું આયોજન તા.૦૩/૦૭/૨૦૧૩ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, સુરત ખાતે કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) ચોકબજાર, સુરત ખાતેથી તા.૦૧/૦૭/૨૦૧૩ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો અથવા સ્કુલ બોનાફાઈડ સર્ટીફિકેટ, ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી પણ મળી શકશે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનના પુણા વિસ્તારમાં ડિમોલીશનની કામગીરીઃ–

ડ્રા.ટી.પી. સ્કમ નં.૧૧(પુણા)ના ફા. પ્લોટ નં.૧૧, બ્લોક નં.૫૮૨ માં આવેલ છીતુગર સોસાયટીમાંથી પસાર થતાં ૯.૦૦ મી. ની. પહોળાઈના ટી.પી. રસ્તાની અસરમાં આવેલ આશરે ૪૮૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર પર બીમ, કોલમ તથા ચણતર સહિતનું બિનઅધિકૃત બાંધકામ આજરોજ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

સદર કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરી વિકાસ ખાતાના તથા દબાણ ખાતાના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વાયરમેન તથા વાહનોમાં ૧–જે.સી.બી. મશીન અને સુરત મહાનગરપાલિકાના સિકયુરીટી સ્ટાફ સહિત ડિમોલીશનની કામગીરી શાંતિપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજનાઃ–

સુરત મહાનગરપાલિકા, યુસીડી વિભાગ સંચાલિત મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત તા.૧૮/૦૬/'૧૩ ના રોજ સરદાર સ્મુતિ ભવન, વરાછા ખાતે શ્રી આર.જે. પટેલ યઈબઈકઈ ડે. કમિશનર (હે અને હો) ના અધ્યક્ષ સ્થાને મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટય વિધિ સંપન્ન કરવામાં આવેલ. આ સંમેલનામાં વરાછા ઝોન અને કતારગામ ઝોન તેમજ લિંબાયત ઝોનના વિવિધ સખી મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સમારંભના અધ્યક્ષશ્રી પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું કે, શહેરી ગરીબ પરીવારોની કુલ–૧૧,૫૦૦ બહેનોને સાંકળી કુલ–૮૦૦ સખી મંડળોની રચના કરવામાં આવેલ છે. જેમાંથી કુલ–૫૮૧ સખી મંડળોને બેંક સાથે જોડાણ કરવામાં આવેલ છે. હાલ તમામ સખી મંડળના રૂા.૫૬.૦૦ (લાખ) જેટલી રકમ જમા કરવામાં આવેલ છે. જેમાંથી સખી મંડળોને જરૂરિયાત મુજબ સભ્યને નાની મોટી આર્થિક એસ.જે.એસ.આર.વાય. યોજના અને મિશન મંગલમ (અર્બન) યોજનાની સારી કામગીરી કરવા બદલ સમાજ સંગઠક શ્રી આર.બી.પટેલ અને શ્રીમતી કલ્પનાબેન દેસાઈને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ મહિલા સમાજ સંગઠક જેમને સારી કામગીરી કરેલ હતી તેમને પણ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા સંમેલનના વકતા તરીકે ડો.વિકાસબેને ખુબ સરળ ભાષામાં કુપોષણ તેમજ બાળઉછેર તેમજ સગર્ભા અને ધાત્રી માતાની સંભાળ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આઈ.સી.ડી.એસ.ના સી.ડી.પી.ઓ શ્રીમતી કાંતાબેને યોજનાની માહિતી આપી હતી. તેમજ યુસીડીના પ્રોજેકટ ઓફિસર શ્રી આર.સી.પટેલે યુસીડી યોજનાની માહિતી આપી હતી. તેમજ સ્વચ્છતા અને આરોગ્ય બાબતે તેમજ સખી મંડળની નિયમિતતા બાબતે સંકલ્પ લેવડાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુસીડી વિભાગના કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર શ્રીમતી કલ્પનાબેન દેસાઈ તથા શ્રી રમેશભાઈ પટેલ તેમજ અન્ય કોમ્યુનીટી ઓર્ગેનાઈઝરો તેમજ મહિલા સમાજ સંગઠકોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ ટાંકલી ફળિયાના સખી મંડળના પ્રમુખ શ્રીમતી જશુબેન પટેલે કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા "વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોનમાં મે. કમિશનરશ્રીના આદેશાનુસાર તેમજ મે.ડે. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક મોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામમાં ચોમાસાની ઋતુ દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તે રીતે ખુલ્લા પ્લોટ સમતલ (લેવલીંગ) કરી પાણીનો નિકાલ કરવા રહીશોને જણાવવામાં આવેલ. આવા કુલ–૧૦ રહીશોને અગાઉથી નોટીસ આપી જાણ કરવામાં આવેલ હોવા છતાં તેમના ધ્વારા ખુલ્લા પ્લોટમાં પુરાણ કરવામાં આવેલ ન હતા તેવા વિસ્તાર પીપલોદ, મયુર સોસાયટી , ઘાએલ કંપાઉન્ડ, ઢબુવાલા કંપાઉન્ડમાં, જીવીબાપાર્ક, ભરથાણાં–વિસ્તારના સ્વીમ પેલેસ, વાસ્તુ ડીસ્કવરી જેવા વિસ્તારમાં પણ પાણીનો ભરાવો થયેલ તેવા બાંધકામોના બિલ્ડર્સને ત્યાં ચેકીંગ કરતા મચ્છરની ઉત્પત્તિ જોવા મળેલ તેવા બિલ્ડરો પાસે અને ખુલ્લા પ્લોટના રહીશો પાસેથી રૂા.૪૨,૦૦૦/– (બેતાલીશ હજાર પુરા) વહીવટી ખર્ચ વસૂલાત લેવામાં આવેલ તેમજ આગામી આવ તમામ વિસ્તારના ખુલ્લા પ્લોટ અને બાંધકામમાં ચેકીંગ હાથ ધરી જવાબદાર ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવનાર છે. તેમજ અઠવાલાઈન્સ વિસ્તાર ઘોડ દોડ રોડ વિસ્તાર તેમજ ન્યુ સીટી લાઈટ વિસ્તારમાં કુલ–૧૪ જેટલા ફુવારામાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ તેમજ સોસાયટી અને એપાર્ટમેન્ટના ધાબા ઉપર ભંગાર, ટેરેસ સમતલ ન હોય, ફુલ છોડના કુંડા, ફ્રીઝની ટ્રેમાં પાણીનો ભરાવો થઈ તેમાં મચ્છરની ઉત્પત્તિ થયેલ હશે તો તેવા ઈસમો સામે પણ ગંભીર શિક્ષાત્મક કાર્યવાહી કરવાની મે. કમિશનરશ્રીના આદેશાનુસાર જણાવેલ હોય. જેથી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરની ઉત્પત્તિ ન થાય તે માટે લોકો ધ્વારા સહભાગી થઈ સહકાર આપી કાળજી રાખવા અને સમય–મર્યાદામાં ઈસમો ધ્વારા પાણી ભરાવો/નિકાલની કાર્યવાહી કરવામાં ન આવશે તો તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આથી જાહેર જનતાન જણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી. વિભાગનાં આસી. જંતુનાશક અધિકારી તેમજ કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતા ને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા નાં સા. વે. (અઠવા) ઝોન ના વી.ડી.સી. વિભાગમાં મોન્સુલ ના ભાગરૂપે મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ રોકથામ માટે "મેલેરીયા અને ડેગ્યુ/ચિકનગુનિયા" વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–

સવિનય જણાવવાનું કે સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનમાં મે.કમિશનરશ્રીના આદેશાનુસાર તેમજ મે.ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વી.બી.ડી.સી. વિભાગ હસ્તક મોન્સુનની કામગીરી દરમ્યાન ખુલ્લા પ્લોટમાં તેમજ બાંધકામમાં અત્રેથી મચ્છરની ઉત્પત્તિ ન થાય તે હેતુથી તમામ ખુલ્લા પ્લોટ ધારકોને અગાઉથી નોટીસ આપવામાં આવેલ તેવા વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન સમર્થ રેસીની સામે નો પ્લોટ, વેસુ આભવા રોડ, શૃંગાર રેસી. સામેનો પ્લોટ તેમજ સીટીલાઈટ અને ભટાર વિસ્તારના મયુર સોસાયટીના પ્લોટ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાયેલ તેવા કુલ–૧૫ ઈસમો પાસેથી રૂા.૫૬,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ તદ્દઉપરાંત વાત્સલ્ય બંગલોઝ, સમર્થ રેસીડેન્સી, આગમ આર્કેડ, વેસુ–આભવા રોડ તેમજ આઈ.ટી.આઈ. ના કેમ્પસમાં વિસ્તારમાં કુલ–૨૭ સ્થળોએ પાણીના ભરાવવામાં જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ અને વી.આઈ.પી. રોડ, દ.ગુ.યુ.ની, નંદિની–૧, શૃંગાર–૧, એલ.પી.સવાણી, ડ્રીમ હોમ, કેનાલ રોડ, વેસુ ગામતળ, વેસુ–આભવા રોડ અને ગેલઈ કોલોની જેવા કુલ ૧૭ સ્થળોએ પાણીના ભરાવામાં પોરાભક્ષક માછલી મુકવાની કામગીરી કરવામાં આવેલ તેમજ વેસુ–સીટીલાઈટ જેવા વિસ્તારોમાં માટલા, ટાયર, પક્ષીકુંજ, જેવા કુલ ૩૨ વસ્તુઓને જપ્ત કરી નાશ કરવામાં આવેલ.

આમ, વિવિધ વિસ્તારમાં રહીશોના ઘરમાં ઉપર તેમજ ફુલ છોડના કુંડા, ટાયરો વિગેરે, ઠંડાપીણાની ખાલી બોટલો, કલરના ડબ્બા, તરોપા વિગેરે આપણા ઘરની કે બહાર કે ધાબા ઉપર પડેલ હોય તો તેવી વસ્તુઓ ચોમાસા દરમ્યાન પાણીનો ભરાવો ન થાય તેવી જગ્યાએ રાખવા અને લોકોએ કાળજી લઈ વી.બી.ડી.સી. વિભાગના કર્મચારીને સહકાર આપવા વિનંતી.

TOP